# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૧૦/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# રેગ્યુલર સિબિલ રિપોર્ટ ચેક કરવો અને નેગેટીવ ફલેગ ન આવે તેનું ધ્યાન રાખવું, જો નેગેટીવ આવે તો તાત્કાલિક એકસપર્ટની સલાહ લઇને એને દૂર કરવા ઉદ્યોગ સાહસિકોને નિષ્ણાંતની સલાહ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ક્રેડિટ બ્યુરો એજ્યુકેશન' વિષય પર સેમિનાર યોજાયો, એડવોકેટ અપૂર્વ ભગતે ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત સમજણ આપી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૦૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ક્રેડિટ બ્યુરો એજ્યુકેશન' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં અપૂર્વા ફાઉન્ડેશનના સંસ્થાપક એડવોકેટ અપૂર્વ ભગતે ઉદ્યોગ સાહસિકોને ક્રેડિટ બ્યુરો વિશે માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મરે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નાણાકીય સમજદારી અને આગમચેતીના યુગમાં ક્રેડિટ રિપોર્ટીંગ સિસ્ટમ્સની જટિલતાઓને સમજવી એ નાણાકીય સાક્ષરતાનું આધારસ્તંભ છે. CIBIL (ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો ઈન્ડિયા લિમિટેડ) જેવા બ્યુરો દ્વારા ક્રેડિટનું લેન્ડસ્કેપ અને તેનું મૂલ્યાંકન એ માત્ર નાણાકીય પ્રણાલીનું એક પાસું નથી; તે આધાર છે કે જેના પર આર્થિક તકો ઊભી થાય છે.

અપૂર્વા ફાઉન્ડેશનના સંસ્થાપક એડવોકેટ અપૂર્વ ભગતે જણાવ્યું હતું કે, વ્યક્તિએ ફાયનાન્શિયલ એજ્યુકેશન અને ફાયનાન્શિયલ ફ્રિડમ લઈ તેના પર કામ કરવું મહત્વનું હોય છે. ભારતમાં સિબિલ, ઈક્વીફેક્સ,

એક્સપીરિયન અને ક્રિફાઈમર એમ કુલ મળીને ચાર સિબિલ છે. સિબિલ એક ડેટા બેંક છે, જેનું કામ માત્રને માત્ર ડેટા લેવાનું અને તેનો સંગ્રહ રાખવાનો અને બેંકને આપવાનો હોય છે.

તેમણે ઉદ્યોગ સાહસિકોને કોમર્શિયલ ક્રેડીટ પોલિસી અંગે માહિતી આપી હતી. સિબિલની ઓથોરાઈઝ્ડ વેબસાઈટથી જ રિપોર્ટ ડાઉનલોડ કરવો જોઈએ. કારણ કે, બજારમાં ઉપલબ્ધ અન્ય વેબસાઈટથી અને એપ્લિકેશન ગ્રાહકનો ડેટા થર્ડ પાર્ટીને ટ્રાન્સફર કરે છે, જેના કારણે સાયબર ફ્રોડનો ભોગ બનવાની સંભાવના વધુ હોય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ક્રેડીટ સ્કોરમાં સુધારો કેવી રીતે કરવો? તે અંગેનો તેમણે ખ્યાલ આપ્યો હતો. સાથે જ રેગ્યુલર સિબિલ રિપોર્ટ ચેક કરવો અને નેગેટીવ ફલેગ ન આવે તેનું ઘ્યાન રાખવું અને આવે તો તાત્કાલિક એક્સપર્ટનું સૂચન લઈને એને દૂર કરવું તેમ તેમણે ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું.

ચેમ્બરની બેન્કીંગ કમિટીના ચેરમેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિપુલ શાહે કાર્યક્રમની રૂપરેખા આપી સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. SGCCI એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન મહેશ પમનાનીએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. નિષ્ણાંત વકતાએ ઉદ્યોગ સાહસિકોના જુદા–જુદા સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.